જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩/૯/૨૦૧૪ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી ૨૨૪૯/૧૪

## વીસ દિવસ પહેલા આણંદ સીટીમાં ચીલ ઝડપ કરી રૂપિયા પાંચ લાખની લુટ કરનાર છારા ગેંગનો એક આરોપીને રૂ.૨,૦૦,૦૦૦/- ના રોક્ડ મુદામાલ સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં જોઇન્ટ કમિશ્નર શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં મિલકત સંબંધી ગુન્હાઓને શોધી કાઢવા સારૂ તથા અટકાવવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી. રોજીયા નાઓનાં માર્ગદર્શન અને સુપરવિઝનમાં કામ કરતા તેઓનાં સ્કોડનાં પોલીસ સબ ઇસ્પેકટર આર,આઇ. જાડેજા તથા પોલીસ સબ ઇન્સ્પેકટર એસ.બી. ઝાલા તથા પોલીસ સબ ઇસ્પેકટર એસ.એન. દેસાઇ તથા સ્ટાફ્નાં માણસો સાથે અમદાવાદ શહેરમાં કોમ્બીગ નાઇટ રાઉન્ડ પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે, નરોડા બેઠક ત્રણ રસ્તા પાસેથી આરોપી નકુલ S/O રાજુભાઇ બાબુલાલ જાતે તમંચે (છારા) ઉ.વ.૨૨ રહે, સીગલ ચાલી, મસાણીયાની ચાલી પાસે, બંગલા એરીયા રોડ છારાનગર કુબેરનગર અમદાવાદ શહેર મુળ વતનઃ- જુની ઇન્દોર ગાંધી રોડ કાચા છાપરામાં જુના એરપોટની સામે જુની ઇન્દોર (એમ.પી.) નાને તા.૦૨/૦૯/૨૦૧૪ ના ક્લાક ૦૧/૧૫ વાગે પકડી અટક કરી તેની પાસેથી રોકડ .રૂ.૨,૦૦,૦૦૦/- મળી આવતા તપાસ અર્થે કબજે કરેલ છે.

આ કામે આરોપીની પુછ પરછ કરતા સદરી નકુલ રાજુભાઇ તમંચે નાએ જણાવેલ કે પોતે તથા રોજનીશ ગુમાનેકર (છારા) નાઓ સાથે મોટર સાયકલ ઉપર વીસેક દિવસ પહેલા આણંદ સીટીમાં સરદાર ગંજ રોડ ઉપર એક કાર ચાલકને રોકી તેની પાસેનાં રોકડા રૂપિયા પાંચ લાખ ભરેલી થેલીની લુટ કરી નાસી ગયેલા. અને અમદાવાદ ખાતે આવી લુટનાં રૂપિયાનો ભાગા પાડેલ જેમાં પોતાના ભાગમાં રૂ.૨,૦૦,૦૦૦/- આવેલ જે પોતાની પાસે રાખી જતો હતો. તે દરમ્યાન નરોડા બેઠક ત્રણ રસ્તા ખાતે પકડાયલ ગયેલ.

જેથી સદરી આરોપી અગાઉ સહ આરોપીઓને સાથે રાખી અમદાવાદ શહેરમાં તથા બહારની મોટી સીટીઓમાં મોટર સાયકલ ઉપર જઇ બેસી બેન્કની બહાર વોચ કરી જે કોઇ ઇસમ બેન્કમાંથી રૂપિયા ભરેલ થેલી લઇ નીકળે તેનો પીછો કરી, મોકાનો લાભ લઇ રૂપિયા ભરેલ થેલી ખેચી લુટ કરવાની ટેવવાળો છે. અને સદરી આરોપી અગાઉ નજર ચુકવી રૂપિયા ભરેલ થેલીની લુટ તથા ચોરી કરવાનાં તથા ટુ વ્હીલર વાહનોની ડેકીમાં મુકેલ રૂપિયાની ચોરીનાં ગુન્હામાં ઓઢવ પો.સ્ટેશન તથા એલીસબ્રીજ પો.સ્ટેશન તથા નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં પકડાયેલ છે. તેમજ મહારાષ્ટ નાસીક રોડ પોલીસ સ્ટેશનમાં લુટનાં ગુન્હામાં પકડાયેલ છે. અને સદરી આરોપીની સાથે અગાઉ તેનાં સહ આરોપીઓ (૧) દિલીપ બાજુ ગારંગે રહે, કુબેરનગર છારાનગર (૨) સુજીત નારજી ઇન્દ્રેકર રહે, સિગલ ચાલી કુબેરનગર છારાનગર (૩) ઉપેશ મોહન અભંગે રહે, મહારાષ્ટ નંદુરબાર નાઓ ઉપરોક્ત પોલીસ સ્ટેશનનાં ગુન્હાઓમાં પકડાયેલ છે. સદરી આરોપીને વધુ તપાસ અર્થે આણંદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે સોપવા તજ્વીજ કરવામાં આવેલ છે.

## <u>ફોર વ્હીલ ગાડીઓ ચોરી કરનાર ઇસમને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ</u>

નાયબ પો.કમિ.શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરનાઓની સુચનાથી તથા મ.પો.કમિ.શ્રી ક્રાઇમ બ્રાન્ચ અને સાયબર સેલ નાઓના માર્ગદર્શન હેઠળ તથા પો.ઇન્સ.શ્રી એચ.એ.રાઠોડ સાહેબની દોરવણી હેઠળ સાયબર ક્રાઇમ સેલના પો.સ.ઇ.શ્રી બી.એચ.કોરોટ તથા સ્ટાફના માણસોએ અમદાવાદ શહેર વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાન નારોલ ચોકડી પાસેથી ધર્મેન્દ્ર ઉર્ફે ધર્મેશ બાબુભાઇ બારૈયા (તળપદા-કોળી) ઉવ.૩૯, રહેવાસીઃ ૧૩૨, ચંદ્રભાગા હાઉસીંગ સોસાયટી, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદને ચોરી કરેલ ટાટા કંપનીની માંઝા LX મોડલની ગાડી નંબર GJ-01-DU-6353 કિં.રૂા.૭,૦૦,૦૦૦/- ની સાથે પકડી પાડેલ છે.

ધર્મેન્દ્ર ઉર્ફે ધર્મેશ બાબુભાઇ બારૈયાની પુછપરછમા તેણે ટાટા માંઝા ગાડી નં. GJ-01-DU-6353 ની પોતે પીંક ટ્રાવેલ્સમા નોકરી કરતો હતો તે જ ટ્રાવેલની માલીકીની ગાડી ટ્રાવેલ્સની ઓફિસ સામેથી ચોરી કરેલાની હકિકત જણાવેલ છે.

આ સીવાય આજથી ત્રણ-ચાર વર્ષ પહેલા ભરુચ જીએસપીસી ની ઓફિસની બાજુમાંથી એક મીની બસ (આઇસર) ની ચોરી કરી તે ગાડીનો આરટીઓ નંબર બદલી નાંખી અમદાવાદમાં રાખી ડ્રાઇવીંગ કરતો હતો, આ ગાડી ગઇ તા.૦૬.૦૭.૨૦૧૪ ના રોજ સાપુતારાના પ્રવાસે ગયેલ અને વઘઇ RTO ચેક પોસ્ટ પર RTO ઇન્સપેક્ટરે જમા લઇ લીધેલ છે.

ટાટા ઇન્ડીગો ગાડી નં.GJ-1-HL-3004 ની સને ૨૦૧૦ મા સેટેલાઇટમા એસજી હાઇવે પર આવેલ સીનેમા ઘરની સામેથી ચોરી કરેલ હતી. જે બંધ હાલતમા પાલીતાણામાં સુખસાગર સોસાયટીમા હાઉસીંગ બોર્ડ પાસે દાતારવાડી ખાતે રાખી મુકેલ છે.

મેટાડોર નં. GJ-6-U-1717 ની વડોદરા, અલકાપુરી, રેલ્વે સ્ટેશનની સામેની ગલીમાંથી આજથી તેર વર્ષ પહેલા એટલે કે ૨૦૦૧ ની સાલમા ચોરી કરેલ હતી, જે ગાડી ભાવનગરથી વડોદરાના ભાડામાં ચલાવતો હતો, આ ગાડી વડોદરા, ફતેગંજ વિસ્તારમાં બંધ પડી જતા ત્યાં જ બસ સ્ટેન્ડ નજીક જ છોડી દીધેલ હતી. આ ગાડીઓની ચોરી કરી પોતે જ ચલાવતો હોવાથી તેના RTO નંબર યાદ રહેલ છે.

**<u>પુર્વ ઇતિહાસ</u> ઃ**

મજકુર ઇસમની પુછપરછ કરતા આજથી દસ બાર વર્ષ પહેલા માર્શલ જીપ ની ચોરીમાં સોલા પોલીસ સ્ટેશનમા પકડાયેલ. જે પછી આજથી દસેક વર્ષ પહેલા મીની બસની ચોરીના કેસમા નારણપુરા પોલીસ સ્ટેશનમા પકડાયેલ. જે પછી આજથી પાંચેક વર્ષ પહેલા ફરીથી નારણપુરા પોલીસ સ્ટેશનમા મીની બસ અને એક તુફાન ગાડીની ચોરીના કેસમા પકડાયેલ. આ જ સમયગાળામાં વડોદરા ફતેગંજ પોલીસ સ્ટેશનમા એક મીની બસ ચોરીના કેસમા અને વડોદરા જે.પી.રોડ પોલીસ સ્ટેશનમાં બે મીની બસ ચોરીના કેસમા પકડાયેલ. આજથી પાંચેક વર્ષ પહેલા વડોદરા મકરપુરા પોલીસ સ્ટેશનમા મીની બસ ચોરી કરવાના કેસમા પકડાયેલ. આ રીતે કુલ આઠ ચોરીના કેસમા પકડાયેલ હોવાની કેફીયત આરોપીએ પોલીસ પુછપરછમા જણાવેલ છે.

મજકુર પાસેથી મળી આવેલ ટાટા માંઝા કાર નારણપુરા પો.સ્ટે.ના ગુનાની હોઇ વધુ તપાસ અર્થે નારણપુરા પો.સ્ટે.ને આરોપી સોંપવા પોસઇશ્રી બી.એચ.કોરોટએ તજવીજ હાથ ધરેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.